## જન્મદિને વધામણી



રશ્મિકાન્ત પી મહેતા
ઉપપ્રમુખ
સદ્‌વાચન પરિવાર



શિવલાલ જે સોલંકી
મો. ૯૪૨૯૦ ૨૭૮૨૨



મુકેશભાઈ દવે
મો. ૯૮૨૪૬ ૨૨૩૪૫



શ્વેતા રેવર
મો. ૯૯૭૮૧ ૪૨૮૭૭



હર્ષ એ પટેલ



ટિકેન્દ્ર હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬



ઈવા હેમલ રાવલ
મો. ૯૪૨૭૩ ૦૫૦૫૧

*જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.*

*- સંપાદક*

# સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા સોમવારે સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ દ્વારા સોમવારે ગાંધીનગર ખાતે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાના પ્રમુખ તથા દસાડા મત વિસ્તારના ધારાસભ્ય પુનમભાઈ કે મકવાણાએ જણાવ્યું છે કે તા. ૧૬ મે, ૨૦૧૬ ને સોમવારના રોજ સંઘ દ્વારા પંદરમા સમૂહ લગ્નોત્સવનું આયોજન બપોરે ૨.૩૦થી ૪ દરમ્યાન ગાંધીનગરમાં પથિકાશ્રમ સામે સૅક્ટર-૬ના મેદાન ખાતે કરવામાં આવ્યું છે.

૩૮ યુગલો આ લગ્નોત્સવના માધ્યમથી પ્રભુતામાં પગલાં પાડશે. આ પ્રસંગે રાજ્યનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મંત્રી રમણલાલ વોરા સહિત સાધુ, સંતો, રાજકીય-સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે અને નવદંપતિને આશીર્વાદ પાઠવશે, એમ તેમણે આ અખબારી યાદીમાં વધુમાં જણાવ્યું છે.

# ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે આજથી રાહત દરે ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૩

ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ હિતવર્ધક ટ્રસ્ટ મારફત ચાલુ વર્ષે ધોરણ-૧થી ૧૨માં અભ્યાસ કરતા ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને રાહત દરે સારી ક્વૉલિટીના ચોપડાનું વિતરણ તા. ૧૪ મે, શનિવારથી તા. ૧૬ મે, સોમવાર દરમ્યાન સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી અને સાંજે ૪ વાગ્યાથી ૮ વાગ્યા સુધી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ખાતે વસતા ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિના સભ્યોને આ સેવાનો લાભ લેવા માટે ટ્રસ્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે. એક ડઝન ચોપડાની કિંમત રૂા. ૧૩૦ રાખવામાં આવી છે.

આ લાભ લેવા માટે વિદ્યાર્થીની માર્કશીટની નકલ સાથે લાવવા વિનંતી કરાઈ છે. ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીને વધુમાં વધુ બે ડઝન અને ધોરણ-૫થી ૧૨ના વિદ્યાર્થીને વધુમાં વધુ ત્રણ ડઝન ચોપડા આપવામાં આવશે.

રાહત દરે ચોપડાનું આ વિતરણ અમરીશ જી પરમાર (૫૮૫, આદર્શ નગર, સૅક્ટર-૨૪, મો. ૯૩૨૮૦ ૬૭૩૭૬), અશ્વિનભાઈ પી ગોહેલ (બ્લોક નં. ૬/૩, ચ ટાઈપ, સૅક્ટર-૭) અને પ્રફુલ્લભાઈ કે ચૌહાણ (ક્યુ-૧૨, કીર્તિધામ સોસાયટી, વાવોલ, મો. ૯૪૦૮૬ ૮૫૨૫૪) દ્વારા કરવામાં આવશે, એમ હિતવર્ધક ટ્રસ્ટ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના ઉદ્યોગસાહસિક વિદ્યાર્થીઓએ ઈડીઆઈની મુલાકાત લીધી



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ઉદ્યોગ સાહસિક બનવા માગતા તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઍન્ટરપ્રેન્યરશીપ ડેવલપમૅન્ટ ઈન્સ્ટીટ્યુટ (ઈડીઆઈ), ભાટની એક મુલાકાતનું આયોજન ગુરુવારે કરવામાં આવ્યું હતું.

કુલ ૩૨ વિદ્યાર્થીઓએ આ મુલાકાતમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઈડીઆઈ ખાતે વિદ્યાર્થીઓ માટે બે સૅશન આયોજિત કરવામાં આવ્યાં હતાં. એક સૅશનમાં પ્રા. કવિતા સક્સેનાએ વિદ્યાર્થીઓને ‘સ્ટાર્ટ-અપ ઈન્ડિયા’ વિશે માહિતગાર કર્યા હતા અને તેના માટે ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સહાય વિશે વિગતે સમજ આપી હતી. બીજા સૅશનમાં ઈડીઆઈના નૅશનલ કો-ઓર્ડિનેટર પ્રકાશ સોલંકીએ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિક કેમ બનવું જોઈએ? તે વિશે વાત કરી જણાવ્યું હતું કે ભારતમાં અત્યારે ઉદ્યોગ સ્થાપિત કરવાનો સુવર્ણ સમય ચાલી રહ્યો છે. ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી કે ઉદ્યોગો સ્થાપવાની દૃષ્ટિએ ભારતનો ક્રમ દુનિયામાં ચોથો છે ને દેશ થોડા જ સમયમાં આ ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે પહોંચી જશે.

વિદ્યાર્થીઓએ બંને નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી કરી હતી અને ઉદ્યોગ સાહસિક બનવાનો પોતાનો વિચાર અભિવ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કૉલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫

**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

# ગ્રો ફાઉન્ડેશનનો ચિત્રકલા શિબિર સંપન્ન



ગાંધીનગર, તા. ૧૬

ગ્રો ફાઉન્ડેશન અને સરસ્વતી શિશુ મંદિર, સૅક્ટર-૧૭ દ્વારા એક ચિત્રકલા શિબિરનું આયોજન આગામી તા. ૨૦ એપ્રિલથી ૧૨ મે દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ શિબિર અંતર્ગત ચિત્ર નિષ્ણાત ગાંધીનગર શહેરના રહેવાસી સુસ્મિત ધુમડા દ્વારા તાલીમાર્થીઓને ચિત્રકળા માટે બેઝીકથી માંડીને ઍડવાન્સ્ડ સ્ટેજ સુધીની તાલીમ આપવામાં આવી હતી, જેના પરિણામે વિદ્યાર્થીઓ દ્વારા શિબિરમાં સુંદર ચિત્રોનું સર્જન પણ કરવામાં આવ્યું હતું. શિબિરના અંતિમ દિવસે ગ્રો ફાઉન્ડેશનના સ્થાપક અને પ્રમુખ જિજ્ઞેશ રાવલના હસ્તે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વિવિધ સાયન્સ વર્કશૉપ યોજાયા

ગાંધીનગર, તા. ૧૩

વૅકેશનમાં પણ વિદ્યાર્થીઓ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ કરીને રજાઓનો સદુપયોગ કરી શકે તે હેતુથી નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા પ્રતિવર્ષની માફક આ વર્ષે પણ ‘વૅકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ’નું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિવિધ વર્કશૉપ તાલીમાર્થીઓ માટે આયોજિત કરવામાં આવ્યા હતા.

તા. ૯ મીએ જાપાનીઝ કલા ઓરીગામીનો વર્કશૉપ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં તજ્જ્ઞ તરીકે રાજકોટના ગૌતમ લીંબડીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને કાગલમાંથી વૉટરફૉલ, ઘુવડ, મોર, ઊંટ વગેરે બનાવતાં શીખવ્યું હતું. ઉપરાંત કાગળને કાપીને તેના જોડાણ દ્વારા વિવિધ ગૃહઉપયોગી વસ્તુઓ બનાવતાં પણ તેમણે શીખવ્યું હતું.

તા. ૧૦મીએ વૈજ્ઞાનિક રમકડાં બનાવવાનો વર્કશૉપ કાર્યક્રમ અંતર્ગત યોજવામાં આવ્યો હતો, જેમાં વિજ્ઞાનના પાયાના સિધ્ધાંતોને સમજાવતાં વિવિધ મૉડેલ વિદ્યાર્થીઓએ બનાવ્યાં હતાં. પૅરીસ્કોપ, કૅલીડોસ્કોપ, હોવરક્રાફ્ટ, પવનચક્કી વગેરેનો આ મૉડેલમાં સમાવેશ થતો હતો.

તા. ૧૧ના રોજ ‘ફન વિથ મૅથ્સ’ વર્કશૉપ યોજાયો હતો, જેમાં બાળકોને સામાન્ય રીતે અઘરા લાગતા ગણિત વિષયને સહેલો કરવાની સરળ પધ્ધતિઓ દર્શાવવામાં આવી હતી. ઉપરાંત ભૂમિતિના વિવિધ આકારો વિદ્યાર્થીઓએ કાગળમાંથી તૈયાર કર્યા હતા. વર્કશૉપના તજ્જ્ઞ તરીકે રામમોહન ભદોરીયા ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૨મીએ બેઝીક ઈલૅક્ટ્રોનીક્સ વર્કશૉપ યોજવામાં આવ્યો હતો, જેમાં તજ્જ્ઞ તરીકે ઍન્જિનીયર આર્જવ પરીખ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સ્વીચ, ડાયોડ, વાયર, સર્કીટ વગેરે વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી અને વિદ્યાર્થીઓ પાસે સર્કીટ બનાવડાવી પણ હતી. વિદ્યાર્થીઓને આધુનિક મોબાઈલ ટૅકનોલૉજી, ગૂગલ ગ્લાસ વિશે પણ રસપ્રદ માહિતી આ વર્કશૉપ અંતર્ગત આપવામાં આવી હતી. આ વર્કશૉપમાં ૭૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયોજક હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણાએ જહેમત ઊઠાવી હતી.

# કલ્યાણજીના મુવાડા ખાતે ‘વડીલ વિસામા’નો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૩


દહેગામ તાલુકાના રખિયાલમાં કલ્યાણજીના મુવાડા ખાતે શ્રી સજનબા વડીલ વિસામોનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે લકુલીશ ધામ, કાયાવરોહરણ સ્થિત પ્રીતમ મુનીજીએ દીપ પ્રાગટ્ય કરી ઘરડાઘરનો પ્રારંભ કરાવ્યો હતો, જેમાં સંસ્થા દ્વારા વડીલો, વયસ્કોને રહેવા-જમવા સાથેની દરેક સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

આ શુભ પ્રસંગે દહેગામ વિસ્તારના ધારાસભ્ય કામિનીબા રાઠોડ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના વાઈસ ચાન્સેલર દિપુબા દેડા, દરજણસિંહ રહેવર, નાનજીદાદા (ભગત) રખિયાલ, રાજપૂત સમાજ, ખોખરાના પ્રમુખ શંકરજી કે વાઘેલા, અગ્રણીઓ જગતસિંહ ઝાલા, છત્રસિંહ ઝાલા, નરેન્દ્રસિંહ વાઘેલા, ભાવનાબા ઝાલા, પ્રેમબા હાડા, દક્ષાબા સિસોદિયા, સોનલબા, મંજરીબા પરમાર, મોનિકાબા ડાભી, વિમળાબા વાઘેલા તથા ગાંધીનગર, અમદાવાદ રાજપૂત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

‘શ્રી સજનબા વડીલ વિસામો’નો લાભ લેવા માગતા વડીલોને સંસ્થાનો સંપર્ક (મો. ૯૬૭૮૦ ૨૭૯૧૨, ૯૪૦૮૧ ૫૦૭૨૩, ૯૪૦૮૧ ૫૦૭૨૪) કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# સર્વ પ્રથમ ફિલ્મફૅર ઍવૉર્ડ : ૧૯૫૩




**ગીત-સંગીતની દુનિયા**
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મફૅર ઍવૉર્ડ આપવાની શરૂઆત ૧૯૫૩ના વર્ષમાં થઈ. જે જે હિન્દી ફિલ્મો વર્ષ દરમ્યાન રિલીઝ થઈ હતી તેમના માટે અલગ અલગ વિભાગમાં ઍવૉર્ડ આપવાનું નક્કી થયું હતું. આ માટે ફિલ્મ ક્ષેત્રના પત્રકારો, વિવેચકો અને અદાકારોની પૅનલ એક પૅનલ નક્કી કરવામાં આવતી તેમજ ફિલ્મફૅર (અંગ્રેજી મૅગેઝીન)ના વાચકો પાસેથી ત્રણ ત્રણ ફિલ્મોનાં નામ મંગાવવામાં આવતાં. ત્યારબાદ પૅનલ નક્કી કરે તેને ફિલ્મફૅર ઍવૉર્ડ આપવામાં આવતા. ફિલ્મી કલાકારોમાં એક ઉત્સાહ રહેતો કે આ વર્ષે ફિલ્મફૅર ઍવૉર્ડ કોને મળે છે.

પ્રથમ ફિલ્મફૅર ઍવૉર્ડમાં શ્રેષ્ઠ ફિલ્મનો ઍવૉર્ડ નિર્માતા બિમલ રૉયને ફિલ્મ દો બીઘા જમીન માટે મળ્યો હતો. આ જ ફિલ્મ માટે બિમલ રૉયને શ્રેષ્ઠ નિર્દેશક તરીકે ઍવૉર્ડ મળ્યો હતો. શ્રેષ્ઠ અભિનેતાનો ઍવૉર્ડ દિલીપકુમારને દાગ માટે, અભિનેત્રીનો ઍવૉર્ડ મીનાકુમારીને બૈજુ બાવરા માટે, શ્રેષ્ઠ સંગીતકારનો ઍવૉર્ડ નૌશાદઅલીને બૈજુ બાવરા માટે મળ્યો હતો. શ્રેષ્ઠ સહાયક અભિનેતા અને અભિનેત્રીનો ઍવૉર્ડ પહેલા વર્ષે શરૂ થયો ન હતો. શ્રેષ્ઠ ગીતકાર, ગાયક અને ગાયિકાને માટે પણ ફિલ્મફૅર ઍવૉર્ડ પહેલા વર્ષે ન હતો.

બૈજુ બાવરામાં અકબર બાદશાહના જમાનાની વાત છે. આ ફિલ્મમાં સંગીતકાર નૌશાદઅલીએ શુદ્ધ ભારતીય રાગો પર આધારીત અત્યંત મધુર સંગીત આપ્યું હતું. શકીલ બદાયુનીએ ખૂબ જ સારાં ગીતો લખ્યાં હતાં. આજે ૬૪ વર્ષ કરતાં વધુ સમય વિતી ગયો છે, છતાં ફિલ્મ બૈજુ બાવરાનાં તમામ ગીતો આજે પણ ખૂબ લોકપ્રિય છે ને કર્ણપ્રિય પણ.

આ ફિલ્મનું એક યુગલ ગીત અહીં રજૂ કરું છું. જેમાં મહંમદ રફી અને લતા મંગેશકરે સ્વર આપ્યો છે. ભારત ભૂષણ અને મીનાકુમારી પર આ ગીત ફિલ્માવવામાં આવ્યું છે.

ઝુલે મેં પવન કે આયી બહાર
નૈનો મેં નયા રંગ લાયી બહાર
પ્યાર છલકે ઓ હો પ્યાર છલકે...
ડોલે મન મોરા સજના
ડોલે મન મોરા, હોજી હો...
ડોલો મન મોરા સજના
ચુનરિયા બાર બાર ઢલકે
ઝુલે મેં પવન કે આયી બહાર...
મેરી તાન સે ઉંચા
તેરા ઝુલના ગોરી
મેરે ઝુલને કે સંગ
તેરે પ્યાર કી ડોરી
તુ હૈ જીવન સિંગાર
પ્યાર છલકે ઓ હો પ્યાર છલકે...
બાદલ ઝુમકે આયે
ગાગર પ્યાર કી લાયે
કોયલ કૂકતી ગાયે
બન મેં મોર ભી નાચે
છેડેં હમ તુમ મલ્હાર
પ્યાર છલકે ઓ હો પ્યાર છલકે...

# વાચકોને આમંત્રણ

## ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

મે માસનો વિષય છે :

## ‘મારા ગુરુ ગૌરવશાળી’

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે